અપીલ અરજી નં.૧૩૮ તા.૨૮–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)
ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ.(ફુડ વિભાગ)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ ની તા.૨૭–૫–૧૧ ની અરજીથી અપીલ સત્તાધિકારીના હુકમો પછી પણ જે માહિતી પૂરી પાડી નથી, અને જે અધિકારીએ આ માહિતી પૂરી પાડવાની થાય છે, તેવા અધિકારીઓનાં નામ , હોદ્દા સહિત માહિતી તથા માહિતી નહી પૂરી પડવાના કારણો સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબત.(૧) હુકમ નં ૧૦૪૧ તા. ૧૦/૧૨/૧૦ ઉધનાઝોન (૨) હુકમ નં ૧૩૬૦ તા. ૪/૩/૧૧ અઠવાઝોન (૩)હુકમ નં ૧૪૭૮તા. ૨૩/૩/૧૧ ઉધનાઝોન (૪) હુકમ નં ૧૫૧૧તા. ૩૦/૩/૧૧આરોગ્ય વિભાગ (૫) હુકમ નં ૧૪૯ તા.૩/૫/૧૧ ઉધનાઝોન (૬) હુકમ નં ૧૪૫ તા.૩/૫/૧૧ ઉધનાઝોન .

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૨૮–૬–૧૧ ની SMC/FAP/ નં.૧૩૮/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ ની તા.૨૭–૫–૧૧ ની અરજીથી અપીલ સતાધિકારીના હુકમો પછી પણ જે માહિતી પૂરી પાડી નથી, અને જે અધિકારીએ આ માહિતી પૂરી પાડવાની થાય છે, તેવા અધિકારીઓનાં નામ , હોદ્દા સહિત માહિતી તથા માહિતી નહી પૂરી પડવાના કારણો સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબત.(૧) હુકમ નં ૧૦૪૧ તા. ૧૦/૧૨/૧૦ ઉધનાઝોન (૨) હુકમ નં ૧૩૬૦ તા. ૪/૩/૧૧ અઠવાઝોન (૩)હુકમ નં ૧૪૭૮ તા.૨૩/૩/૧૧ ઉધનાઝોન (૪) હુકમ નં ૧૫૧૧તા. ૩૦/૩/૧૧ આરોગ્ય વિભાગ (૫) હુકમ નં ૧૪૯ તા.૩/૫/૧૧ ઉધનાઝોન (૬) હુકમ નં ૧૪૫ તા.૩/૫/૧૧ ઉધનાઝોન બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૨૩ તા.૩૦–૬–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન), ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જા.મા.અ.(ફુડ વિભાગ), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગ તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૪૧૪ તા.૫–૭–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.પીએચડી/ફુડ/૩૯૪ તા.૪–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૪૬૭ તા.૧૬–૭–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગેપત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૫૩ તા.૩૦–૬–૧૧ના પત્રની નકલ તેમજ એકનોલેજમેન્ટ સ્લીપની નકલ તેમજ ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ/ /૨૮૦ તા.૩૧–૫–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૭–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળ દર્શાવેલ હુકમ નંબરો અંગે અપીલ અધિકારીના હુકમો બાદ પણ માહિતી નહીં પૂરી પાડનાર અધિકારી નામ , હોદ્દા અને માહિતી નહીં પૂરી પાડવાના કારણોની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને સંબોધતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આ.નં.૧૨૯ તા.૧૮–૬–૧૧ થી ચીફ ફુડ ઈન્સ્પેકટર મધ્યસ્થ ફુડ વિભાગને નિયત સમય અવધિ બાદ અને પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૮૦ તા.૩૧–૫–૧૧ થી અઠવાઝોન અને મધ્યસ્થ આરોગ્ય વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી અરજદારને હુકમ નં.૧૫૧૧ તા.૩૦–૩–૧૧ આરોગ્ય બાબતે અરજદારને જાવક નં.પીએચડી/ફુડ/૩૯૪ તા.૪–૭–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી હુકમ નં.૧૩૬૦ તા.૪–૩–૧૧ ની માહિતી અરજદારને તા.૨૯–૬–૧૧ ના પત્ર નં.સા.વે.ઝોન/આરટીઆઈ/૩૪૫ ના પત્રથી આપવામાં આવેલ છે તેવું અરજદારની સદર અરજી સંદર્ભે

સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૫૩ તા.૩૦–૬–૧૧ થી અરજદારને જણાવવામાં આવેલ છે. આમ અરજદારના આરોગ્ય અને અઠવાઝોન વિભાગના હુકમો બાદ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે ઉધનાઝોનના હુકમ નં.૧૦૪૧ તા.૧૦–૧૨–૧૦ , ૧૪૭૮ તા.૨૩–૩–૧૧ , ૧૪૫ અને ૧૪૯ તા.૩–૫–૧૧ ના હુકમો બાબતે કરેલ અમલવારી બાબતે કે અરજદારની અરજી સંદર્ભે અરજદારને કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. અરજદારે તેમની મુળ અરજીથી નિર્દિષ્ટ અત્રેના પ્રથમ અપીલના હુકમનો અમલ નહીં કરી માહિતી પૂરી પાડી નથી. તેવા અધિકારીઓના નામ અને હોદ્દા સહિતની હુકમ તારીખ અરજીની તારીખની વિગતો માંગેલ છે. જે પક્ષકાર એક પણ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ નથી. જો કે હુકમ થયો તેના પક્ષકાર અને પ્રસ્તુત અપીલના પક્ષકાર જાહેર માહિતી અધિકારીની વિગત પરથી તેટલા પૂરતી માહિતી અરજદારને હોદ્દા પૂરતી મળી રહે છે. પરંતુ નામ સહિતની પૂરા સમયગાળાની મળી શકતી નથી. અરજદારની હુકમની અમલવારી જો જાહેર માહિતી અધિકારી તરફથી થયેલ ન હોય તો તે અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૩) હેઠળ દિન–૯૦ માં ગુજરાત માહિતી આયોગ, સેકટર–૧૮,અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર , નિયામકની કચેરી, ગાંધીનગરને બીજી અપીલ કરવા હકદાર છે. અને તે મુજબ અરજદારે હુકમની અમલવારી અંગે માહિતી નહીં મળ્યા કે ફરીયાદ હોય તો તેમ કરવાને અરજદાર સ્વતંત્ર પણ છે.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૭/૫/૧૧ની અરજી થી માંગવામાં આવેલ માહિતી પૈકી પક્ષકાર એક પણ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી થયેલ અપીલ હુકમો અન્વયે માહિતી પૂરી પાડવા જવાબદાર અધિકારીના નામ અને હોદ્દા સહિત પૂરા સમયગાળાની નહીં પૂરી પાડેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ,ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)ને જાણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ,